ભારતીય જનતા પક્ષ

11, અશોક રોડ, નવી દિલ્હી

# વર્ષ 2014-15 માટે વચગાળાના રેલવે બજેટ વિશે ભાજપના મહામંત્રી શ્રી અનંત કુમારનું પ્રેસ વક્તવ્ય

શ્રી મલ્લિકાર્જુન ખારગે દ્વારા રજૂ કરવામાં આવેલું કામચલાઉ રેલવે બજેટ ચૂંટણી પૂર્વેનો ખેલ અને સ્ટંટ છે. આ 'ચૂંટણીલક્ષી બજેટ'માંની દરખાસ્તો અલ્પજીવી છે, કારણ કે આગામી 15 દિવસમાં આચારસંહિતા અમલમાં આવે તેવી શક્યતા છે. જેથી તેના અમલીકરણ બાબતે પ્રશ્નચિહ્ન લાગી ગયું છે.

યુપીએ – કોંગ્રેસ સરકારના 'વિદાયમાનરૂપી અંદાજપત્ર' તરીકે આ કામચલાઉ રેલવે બજેટને આપણે ગણી શકીએ. દેશવાસીઓ આગામી મહિનાઓમાં શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર વાસ્તવિક રેલવે બજેટ લાવીને સમગ્ર દેશમાં ભારતીય રેલવેમાં ક્રાન્તિ સર્જે એવી આશાભરી મીટ દેશવાસીઓ માંડી રહ્યા છે.

યુપીએની સરકાર સત્તામાં 10 વર્ષ સુધી ટકી. કર્ણાટક રાજ્ય માટે તે સમયગાળો સૌથી ખરાબ ગણવામાં આવશે. સુશાસન હંમેશા નાગરિકો માટે ગુણવત્તાસભર સેવાઓ પૂરી પાડે છે કે જે ભારતમાં આ રેલવેના કિસ્સામાં પણ એવું કહેવાય છે. કર્ણાટક અને સમગ્ર ભારતની જનતા લોકસભાની ચૂંટણીની રાહ જોઈ રહી છે. તેઓ સોનિયા ગાંધી, ડૉ. મનમોહન સિંહ અને રાહુલ ગાંધીને સત્તા પરથી હટાવવાના મૂડમાં જણાય છે.

કર્ણાટકમાં ભાજપ સરકારે રાજ્ય બજેટમાં  રેલવે પ્રોજેક્ટ માટે મફત જમીનની પ્રતિબદ્ધતા દર્શાવી અને અંદાજપત્રીય ફાળવણી પણ કરી આપી. આ હેતુ માટે વિશેષ સંયુક્ત સમિતિ રચનાર કર્ણાટક ભારતમાં એકમાત્ર રાજ્ય સરકાર હતી. કર્ણાટકને દક્ષિણ

પશ્ચિમ રેલવે ઝોન હોવા છતાં હંમેશા વીજળીકરણ , ગેજ પરિવર્તન, નવી લાઇન કે પેસેન્જર સુવિધાઓ, નવી ટ્રેનોની બાબતમાં સૌથી ઓછો હિસ્સો મળ્યો છે.

કર્ણાટકમાં રેલવે ઝોન માટે ઘણા વર્ષોથી કરાયેલા રેલવે માટેના રોકાણ સામે મહત્તમ વળતર આપવામાં આવ્યું નથી. યુપીએ દ્વારા દરેક રેલવે બજેટમાં આ ઝોન માટે ઓછામાં ઓછી ફાળવણી આપવામાં આવી છે.

કેન્દ્રમાં યુપીએ સરકારના આવા વલણને પરિણામેઃ

- પીપીપી મોડમાં પ્રોજેક્ટ હાથ ધરવામાં યુપીએ સરકાર નિષ્ફળ રહી. ઉદાહરણ તરીકે કર્ણાટક સરકાર રાજ્ય બજેટ પાસેથી જમીન અને નાણાં ફાળવીને અનન્ય સંયુક્ત વિકાસ પ્રોજેક્ટ સાથે આગળ આવે તેમ છે, છતાં રેલવેએ લાંબા સમયથી તે પ્રોજેક્ટમાં યોગદાન આપ્યું નથી.
- કર્ણાટક સરકારે આયોજન ખર્ચ વધારીને બેંગલોર માટે ઉપનગરીય રેલવે સેવા શરૂ કરવા ખાસ કરીને બેંગલોર-મૈસુર અને બેંગલોર- ટુમકુર રેલવે કોરિડોર માટે 50% ફાળવણીની તૈયારી દર્શાવી હતી, છતાં તેની અવગણના કરવામાં આવી છે .
- કર્ણાટક દક્ષિણ વિસ્તારમાં આઠમું સૌથી મોટું રાજ્ય છે, પરંતુ ઈશાન ભારત અને જમ્મુ – કાશ્મીર બાદ ચોથા નંબરની સૌથી ઓછી રેલવે ઘનતા ધરાવે છે.
- બજેટમાં કટરાની નવી સાપ્તાહિક ટ્રેન સેવા સિવાય અમૃતસર, જમ્મુ-તાવી , દહેરાદૂન અને વારાણસી સાથે કર્ણાટકનું કોઈપણ સીધું જોડાણ નથી. બેંગલોર કે જેનો આઈટી સેવાઓ ઉદ્યોગ ભારતભરમાંથી લોકોને આકર્ષે છે તે સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં સ્થાન ધરાવે છે.

- કર્ણાટકના તમામ શહેરોમાં રેલવે સ્ટેશનો અને પેસેન્જર સુવિધાઓની અવગણના કરાઈ છે અને છેલ્લા દસ વર્ષથી કોઈ સુધારો થયો નથી.

- મહિનાઓ અગાઉથી આરક્ષણ મેળવવું સામાન્ય જનતા માટે એક કપરો અનુભવ છે અને હંમેશા ટિકીટો બહાર વેચવામાં આવે છે. ઇન્ટરનેટ વપરાશ સાથે લોકો માટે વાજબી તક મળે છે કે કેમ તેની ખાતરી કરવામાં રાજકીય ઇચ્છાશક્તિનો અભાવ જણાય છે.
- 10 વર્ષ પહેલા ટ્રેનોની સુવિધાઓ જેવી હતી તેવી જ રહી છે. અન્ય ઝોનને નવી ડિઝાઇનના કોચ મળી ગયા છે , જ્યારે કર્ણાટકમાં હજુ પણ લોકો જૂના કોચમાં જ મુસાફરી કરે છે.
- સલામતીના પરિબળ માટે અવગણના કરાતા છેલ્લા બે વર્ષમાં જાનમાલને નુકસાન થયું:

- નાંદેડ એક્સપ્રેસમાં અનંતપુર જિલ્લામાં બેંગલોર શહેરમાં આગ

- મુઝફ્ફરપુર-યશવંતપુર એક્સપ્રેસ આરાકોણમ નજીક પાટા પરથી ખડી ગઈ.

- ઈન્દોર-યશવંતપુર એક્સપ્રેસને મેડક જિલ્લામાં અકસ્માત

- હુબલી - બેંગલોર હમ્પિ એક્સપ્રેસ પેનુકોંડા નજીક એક માલગાડી સાથે અથડાઈ